# ભારતનો પ્રાગૈતિહાસિક યુગ.
# મધ્ય પાષાણ યુગ

ડૉ.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી આર્ટ્સ કોલેજ,
દહેગામ

# પ્રકરણના મુદ્દાઓ

1. પ્રસ્તાવના
2. મધ્ય પાષાણ યુગની ખાસિયતો/ લક્ષણો.
3. મધ્ય પાષાણ યુગના માનવ જીવનના વિવિધ પાસાઓ.
4. મધ્ય પાષાણ યુગમાં સાંસ્કૃતિક વિકાસ.
5. ઉપસંહાર

# પ્રસ્તાવના

મધ્ય પાષાણયુગ એક સંક્રાંતિનો યુગ હતો. ઘણા લાંબા સમય સુધી વિદ્વાનો મધ્ય પાષાણયુગના અસ્તિત્વ વિશે શંકાઓ વ્યક્ત કરતાં હતા. પરંતુ 1900 મી સદીના ઉતરાર્ધમાં ફ્રાન્સના મોસ દ અઝિલ (Mas d’ Azil) નામના સ્થળેથી અમુક એવા ઓઝારો મળી આવ્યા જેણે એ વાતને સ્પષ્ટિકરણ આપ્યું કે, પુરાતન પાષાણયુગ અને નુતન પાષાણયુગ વચ્ચે એક એક અંતરાલ આવ્યો હતો. આ યુગ નુતન પાષાણ યુગનો પુરોગામી યુગ હતો.

# મધ્ય પાષાણયુગનો સમયગાળો

ભારતમાં આશરે ઇ.સ. પૂર્વે 8000 હિમયુગના સમાપ્તિ અને નુતન યુગના આરંભ સાથે મધ્ય પાષાણયગીન સંસ્કૃતિનો ઉદય થયો હતો. આબોહવા અને હવામાનના પરિવર્તનોએ આ યુગની સંસ્કૃતિના વિકાસને પ્રભાવિત કર્યો હતો. આ સમયે બરફમાં રહેવા વાળા મૈમથ અને રેંડિયર જેવા પ્રાણીઓને સ્થાને ઘાસના મેદાનો અને જંગલો ઉગવાનુ શરૂ થવાથી સંસલાઓ, હરણ, બકરી વગેરે પ્રકારના જાનવરોનો વિકાસ થવા લાગ્યો.

# મધ્ય પાષાણયુગની ખાસિયતો/ લક્ષણો.

1. મધ્ય પાષાણ યુગના ઓજારો અને હથિયારો.
2. મધ્ય પાષાણયુગના મુખ્ય  કેન્દ્રો કે સ્થળો.
3. મધ્ય પાષાણયુગની જીવનશૈલી અને તેના પાસાઓ.

# મધ્ય પાષાણ યુગના ઓજારો અને હથિયારો.

મધ્ય પાષાણયુગમાં અસ્તિત્વમાં આવેલા ઓજારો બે પ્રકારના છે.

1. બિન ભૂમિતીય ઓજારો. જેનો આકાર સ્પષ્ટ ન હતો તેવા ઓજારો.
2. ભૂમિતીય ઓજારો. જેનો આકાર ભૂમિતીય આકારો પર આધારિત હતો તેવા ઓજારો.

મધ્ય પાષાણયુગના મુખ્ય ઓજારો (બ્લેડ, ક્રોડ, અણીદાર શર, ત્રિકોણ, નવ ચંદ્રકાર, સમલંબ ઓજાર,

# મધ્ય પાષાણયુગના મુખ્ય  કેન્દ્રો કે સ્થળો.

મધ્ય પાષાણયુગમાં ભારતમાં જયાં જયાં વસવાટો કે સભ્યતાઓ અસ્તિત્વમાં આવી હતી, તેવા મુખ્ય મધ્ય પાષાણયુગીન સ્થળો

- રાજસ્થાન; પંચપદ્ર નદીની ઘાટી અને સોજત વિસ્તારમાં તિલવારા નામક સ્થળ, ભિલવાડા જીલ્લામાં કોઠારી નદીના તટ પ્રદેશમાં બાગૌર નામનું સ્થળ, ભારતની સૌથી વિશાળ મધ્ય પાષાણયુગીન વસાહત હતી.
- ગુજરાત; તાપી, નર્મદ, મહી અને સાબરમતી નદીઓના તટ વિસ્તારમાં અનેક મધ્ય પાષાણયુગીન સ્થળો મળી આવ્યા છે. જેમા અકખજ, બલસાણા, હિરપુર અને લાંઘણાજ મુખ્ય સ્થળો છે.
- ઉતરપ્રદેશ; અલહાબાદ(પ્રયાગરાજ) ક્ષેત્રમાં પ્રતાપગઢ નજીક “સરાઈ નહર રાય” અત્યંત મહત્વપૂર્ણ છે. તે ઉપરાંત મહદહા, દમદમા, ચોપાની માંડ, મિર્ઝાપુર જીલ્લામાં મોરહાના પહાડ, બધહીખોર નામના મધ્યકાલીન યુગના સ્થળો પ્રાપ્ત થયા છે.
- પશ્ચિમ બંગાળ; બરદ્ધાન જીલ્લામાં દામોદર નદીના કિનારે વિરભાનપુર એક મહત્વનુ સ્થળ છે.

# મધ્ય પાષાણ યુગના મુખ્ય  કેન્દ્રો કે સ્થળો.

- મધ્યપ્રદેશ; આદમગઢ નામના સ્થળેથી પ્રાપ્ત ગુફાના સમૂહ માંથી 25000 સૂક્ષ્મ ઓજારો મળી આવ્યા છે. ભીમબેટકા એકમહત્વનું સ્થળ છે.
- મહારાષ્ટ્ર; કોંકણ વિસ્તારમાં કાસુસોલ, જનચિરે, બાભલગો અને જલગઢ મહત્વના સ્થળો છે.
- આંધ્રપ્રદેશ: નાગાર્જુન કોંડા, ગિદ્દલુર અને રેનીગુંટા નામના સ્થળોએથી ઓજારો પ્રાપ્ત થયા છે.
- કર્ણાટક; જલાલહલ્લી, સંગન કાલ્લુ અને વેલગાંવ
- તામિલનાડુ; દરિયા કિનારાના તટવર્તી વિસ્તારોમાં ટેરી સમૂહ નામના અનેક મધ્ય પાષાણયુગીન સ્થળો મળી આવ્યા છે. જે મોટા ભાગે માચ્છીમારોની પ્રજાતિ હોવાનું જણાઈ આવે છે.

# મધ્ય પાષાણયુગની જીવનશૈલી અને તેના પાસાઓ.

1. ખોરાક; માણસને પકવીને ખાવાનું શરૂ કર્યું, કંદમૂળ ઉપરાંત ખોરાકમાં તેણે દૂધ અને રાંધેલો ખોરાક લેવાનું શરૂ કર્યું હતું.
2. લોકો અને રહેઠાણ; આ લોકો હામી નિગ્રો- જાતિના હોવા જોઈએ, આ લોકો ઉત્તર પૂર્વ આફ્રિકામાં જે લોકો વસતા હતા તેમના જેવાજ હોવા જોઈએ. નાનંકડા પર્વત કે નદી કિનારે ઝૂપડાં બનાવીને રહેતા હતા. પાછળથી કેટલાંક સાહસિક લોકો ગુફાઓ અને પર્વતાળ પ્રદેશ છોડીને દૂર ખુલ્લામાં રહેવા ચાલ્યા ગયા. આવા પ્રદેશોમાં ગુજરાતમાં લાંઘણજ, મધ્યપ્રદેશમાં આદમગઢ અને રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને બિહારમાં મળ્યા છે.
3. ધાર્મિક માન્યતાઓ; ઘરની અંદરજ કબરો બનાવવામાં આવતી, મરુત વ્યક્તિની પાસે પથ્થરોના ટુકડા, શંખ તથા હાથીદાંતના તાવીજ મૂકવામાં આવતા. કેટલીક કબરોમાં બે બે વ્યક્તિઓને એક સાથે દફનાવવામાં આવેલી જોવા મળે છે.
4. સાંસ્કૃતિક વિકાસ